UNITED INTERNATIONAL
GUJARATI CHRISTIAN SOCIETY
NEW YORK & NEW JERSEY
FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN
(A NOT -FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)

✞ AMERICAN CHRISTIAN NEWS
✞ અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ
✞ EDITORS: Revs. Snehlata & Anil Patel
✞ Phone # (718) 435-4786╬ email:snehlata@msn.com
✞ Issue-૧૪૧, Year: ૩૯ સપ્ટેમ્બર- ઓકટોબર ૨૦૧૮

## : તંત્રીઓની કલમે:

### ખ્રિસ્તી કારભારીપણું- માનદ સેવા

એક દિવસે જૂની ફાઇલ ફેંદતાં મારા હાથમાં નવેમ્બર ર, ૧૯૫૨ની સાલનું હિગાનમ ચર્ચનું બુલેટિન આવ્યું. તેમાં લખેલા વાક્ય તરફ મારૂં ધ્યાન દોરાયું જેનો અર્થ થાય છે કે, *યુધ્ધ લડાઇ માટે લોકોની ભરતી કરે છે, જ્યારે ઇશ્વર સ્વૈચ્છિક સેવા આપનાર સેવકોને બોલાવે છે.* નવેમ્બર માસમાં આપણે Thanksgiving Day ઉજવીશું. ત્યારે આપણે ખ્રિસ્તિ વ્યક્તિઓ તરીકે ઇશ્વરનો આભાર કેવી રીતે માની શકીએ તે વિષે મારા વિચારો વાચકગણ આગળ રજૂ કરૂં છું. અને તે પર ગંભીરતાપૂર્વક ધ્યાન આપવા વિનંતી કરૂં છું.

**માનદ સેવાની સફળતાનું રહસ્ય:** જ્યારે વ્યક્તિ ઇશ્વરે તેના જીવનમાં ભજવેલા ભાગ વિષે સભાન હોય છે ત્યારે તેને ખાતરી થાય છે કે ઇશ્વર તેની પર અને સમગ્ર વિશ્વને ખૂબ જ પ્રેમ કરે છે, તેના જીવનની સફળતામાં ઘણા નામી અનામી લોકોનો મહત્વનો ફાળો છે. તેથી આભારી ભાવનાથી આસપાસના અને દૂરના લોકોની જરૂરિયાતો જોઇને તેમના માટે શક્ય તે કરવાની તેની ઇચ્છા પ્રબળ બને છે. ઋણ અદા કરવાની ભાવનાથી બીજાંઓને ઇશ્વરનો પ્રેમ પોતાની માનદ સેવાઓદ્વારા પ્રદર્શિત કરે છે. આમ કરવાથી તે વ્યક્તિદ્વારા ઇશ્વર જરૂરિયાતવાળા લોકોની જરૂરિયાતો પૂરી પાડે છે.

**માનદ સેવા-અનોખી સેવા:** આપણા આત્મિક જીવનની વૃધ્ધિમાં દૈનિક પ્રાર્થના, ઉપવાસ, શાસ્ત્રાભ્યાસ, મનન, ભજનસેવામાં હાજરી વગેરે ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. આ વૃધ્ધિ આપણામાં ખ્રિસ્ત ઇસુના જેવું મન કેળવે છે. અને તેથી માનદ સેવામાં વિશ્વાસ, ખાતરી, નિર્ભયતા, સ્વાર્પણ વિગેરે ઉમદા ગુણો સમાયેલા હોય છે.

માનદ્‌સેવા એ એક પ્રકારનું સેવાકાર્ય છે કે જે મેળવે છે તેના જીવનમાં ખૂબજ પરિવર્તન લાવે છે. અને જેઓ સેવા આપે છે તેઓને પણ આનંદ અને સંતોષ થાય છે આ સેવાદ્વારા ઘણું બધું હાંસિલ કરી શકાય છે. સમાજના દરેક સ્તરના સ્વયંસેવકો પોતાનાં કૃપાદાનો, સમય, નાણાં, વગેરે જરૂરી વાનાંઓનો સાથે મળી જરૂરિયાતવાળાંઓને તેમના અણીના સમયે મદદરૂપ થઈ તેમનો બોજ હળવો કરે છે. મદદ લેનારનાં જીવનો બદલાઇ જાય છે. ટુંકમાં ઘણીવાર જે કામ નાણાં વેરતાં પણ ન થાય તે માનદ સેવાઓ દ્વારા થાય છે. મને પોતાને પણ તેનો અંગત અનુભવ છે.

**આપણો ફાળો:** નાત, જાત, નાગરિકતા, સમાજમાં સ્થાન વગેરેને સ્થાન આપ્યા સિવાય દરેકને પ્રભુ ઇસુનો પ્રેમ પ્રેમ બતાવવો તે ખ્રિસ્તિ વ્યક્તિનું લક્ષણ છે. ઉપેક્ષિતો, જરૂરિયાતમંદો, કચડાયેલાઓ, નકારાએલાઓ, આગળ

પ્રભુનો પ્રેમ બતાવવા માટે નીચે જણાવેલા કેટલાંક વિશાળ ક્ષેત્રો સેવાને માટે આપણી આગળ ખુલ્લાં છે.

સાંભળવું: આજે કેટલાય લોકો એવાં છે કે જેમને કાંઇક કહેવું છે પણ તેમનું સાંભળવાને માટે તેમના સ્વજનો કે સમાજને સમય નથી. ફુરસદના સમયે તેમની પાસે બેસી તેમનું માત્ર સાંભળો છો અને કોઇપણ પ્રકારની સલાહ આપતાં નથી ત્યારે તે વ્યક્તિની તમે સેવા કરો છો.

લાગણી: વ્યક્તિને ભેટવું, બરડા પર ટપલી મારવી, શરીર પર હાથ ઘસવા, હાથ પકડી રાખવા વિગેરે દ્વારા જ્યારે આપણા સ્વજન જેવું વર્તન કરીએ ત્યારે તે વ્યક્તિની આપણે સહાય કરીએ છીએ.

પ્રવુતિઓ: રમુજી વાર્તા, હાસ્યકથા વાંચવી, હસવું વગેરે પ્રવુતિઓ પણ ઘણી ફળદાયી નિવડે છે.

ચિઠ્ઠી, કાર્ડ, પત્ર વિગેરે: આભાર, ઉત્તેજન, અભિનંદન, ખબરઅંતર, શુભેચ્છાના શબ્દોમાં ઘણું સામર્થ્ય રહેલું છે.

પ્રાર્થના: એકબીજા માટે પ્રાર્થના કરવી ખૂબ જરૂરી છે.

સેવાક્ષેત્રો: મંડળી, દવાખાનાં, કેદખાનાં, શાળાઓ, ઘરડાં ઘરો, સામાજિક સંસ્થાઓ વગેરે સ્થળોએ આપણી યોગ્યતા, અનુકૂળતા અને રસ મુજબ સેવાઓ આપી શકીએ છીએ. કદી જ આ બધી નાની નાની સેવાઓને જરાય નાની માનશો નહિ. પ્રભુની દૃષ્ટિમાં આપણાં નિસ્વાર્થ સેવાકાર્યો અતિ મુલ્યવાન છે.

વહાલાંઓ આપણને પ્રભુના નામે જરૂરિયાતમંદોને સહાયરૂપ થવાનો વિશિષ્ઠ અધિકાર આપવામાં આવ્યો છે.

ખ્રિસ્તની દ્રાક્ષાવાડીમાં,

બ્રુકલીન સ્નેહલતા પટેલ

## સ્વર્ગમાં જવાની કિંમત

એક લઘુકથામાં એક વ્યક્તિને કહેવામાં આવ્યું કે પૃથ્વી પરની કોઇ મૂલ્યવાન ચીજ લઈને જો તે આવશે તો તેના માટે સ્વર્ગનું દ્વાર ખોલવામાં આવશે. આ માણસે ખૂબ વિચાર કરી એક ભારે સોનાની ઇંટ મેળવી અને તે ઇંટ લઈને સ્વર્ગ ભણી ગયો. પરંતુ સ્વર્ગનો દરવાજો તો બંધ જ રહ્યો. હિંમત હાર્યા વિના સોના કરતાંય વધુ કિંમતી એવા મૂલ્યવાન હીરા-માણેકના અલંકારો ભરેલો થેલો લઈને આ વખતે તો સ્વર્ગનો દરવાજો જરૂર ખૂલશે તે આશામાં સ્વર્ગીય દરવાજે પહોંચ્યો. બીજીવાર પણ તેના માટે તે દરવાજો બંધ જ રહ્યો.

આ માણસ વિમાસણમાં પડી ગયો. પણ તે કિંમતી ચીજ પ્રાપ્ત કરવા કટિબધ્ધ હતો તેથી શેરીએ શેરીએ કિમતી વસ્તુની શોધમાં ફરવા લાગ્યો. એક દિવસે તેને ફરીને થાક લાગતાં તે નજીકના બગીચામાં થોડો આરામ કરવા બેઠો. ત્યાં તેણે એક અઠંગ ચોર, લૂંટારા અને ખૂની માણસને આંસુભરી આંખે, અને પાસ્તાવિક હૃદયે પ્રાર્થના કરતો દીઠો. તરત જ તે આ માણસની પાસે ગયો અને તેના આંસુ એક ડબ્બીમાં ભરી લીધાં સાવચેતીપૂર્વક ડબ્બી હાથમાં પકડી આ વખતે તો જરૂર બારણુ ખૂલશે જ એ ખાતરીમાં હોંશમાં સ્વર્ગ તરફ દોટ મૂકી. દરવાજે પહોંચતાં જ દૂતે તત્કાળ દ્વાર ખોલી નાખતાં કહ્યું, "શાબાશ! આ પસ્તાવાનાં આંસુ ઇશ્વરની નજરમાં અતિશય કિંમતી છે." પ્રભુનાં વચનો પ્રમાણે "ન્યાયી હોય એવો એકેય માણસ નથી ....બધા લોકો નિશાન ચૂકીને પાપમાં પડ્યા છે અને ઇશ્વરના ગૌરવની સ્થિતિએ પહોંચવાથી

વંચિત રહ્યા છે" (રૂમી ૩: ૧૦, ૨૩). મિત્રો આપણા રૂડાં કાર્યો પ્રભુની દ્રષ્ટિમાં ગંધાતા ચીંથરાં સમાન છે. પરંતુ સ્વર્ગમાં જવાની કિંમત વિશે ઇશ્વરનાં જીવંત વચનો જણાવે છે કે, "જ્યારે એક પાપી માણસ પસ્તાવો કરી ઇશ્વર તરફ પાછો ફરે તેને લીધે સ્વર્ગમાં ઘણો આનંદ થશે" (લુક ૧૫:૭, ૧૦). કારણકે, આપણા પ્રભુ ઇસુ ખ્રિસ્તની મારફતે ઇશ્વર તરફથી મળતું કૃપાદાન અનંતજીવન છે."(રૂમી ૩:૨૩)

યુનિયન સીટી, જોઇસી જોવેટ ક્રિશ્ચિયન

## નોંધપાત્ર બાબતો :-

ACN ના ખર્ચને પહોંચી વળવામાં મદદરૂપ થવા.જો તમારે સ્વેચ્છાપૂર્વકનાં દાન અથવા પોસ્ટલ સ્ટેમ્પ્સ આપવા હોય અથવા તમારે ACNની કોપી જોઈતી હોય તો રોબીનભાઈને તમારૂ પોસ્ટલ અથવા ઈ-મેલ એડ્રેસ આપશો. સહકાર બદલ આભાર માનવામાં આવે છે.

<u>સરનામુ:</u> 17 Dart Mouth Ave, Avenel, NJ 07001-1804; Phone#917-554-4560.
robin.christian@marriott.com

ન્યુઝપેપરમાં લખાતાં લખાણો માટે તંત્રીઓ જવાબદાર નથી.

<u>મૃત્યુ નોંધ:</u> ઘણાં વહાલાંઓએ અનંતકાળિક જીવનમાં પ્રવેશ કરેલો છે. તેઓ સર્વના દુખિત કુટુંબીજનોને ઈશ્વરપિતા તેના દૈવી દિલાસાથી ભરપૂર કરે. તમારી પ્રાર્થનાઓમાં તેઓને ધરી રાખશો .

<u>સહકાર:</u> ACNના પ્રકાશનનો મુખ્ય હેતું અમેરિકા દેશના ગુજરાતી ખ્રિસ્તી ભાઈબહેનોને એકબીજાના સંપર્કમાં રાખવા, પારસ્પારિક સુખદુ:ખમાં ભાગીદાર બનાવવા, એકબીજાને પ્રેરણારૂપ થવું, ઈશ્વરના તાલંતોનો ઉપયોગ કરી, ગુજરાતી સમાજને મદદરૂપ અને દોરવણીરૂપ બનવું. તેથી સમાચાર, ખાસ પ્રકારની અનોખી કાર્યપ્રવૃતિ વગેરે જાતની માહિતી પૂરી પાડવાની ગુજરાતી મિત્રો પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

આ સમાચારપત્રના ખર્ચને પહોચી વળવા કોઈપણ જાતનું ભંડોળ નથી. બધું જ સ્વેચ્છાપૂર્વક કામ કરનાર વ્યક્તિઓ દ્વારા ચાલે છે. જેથી પાનાં વધારવા શક્ય નથી. તેથી આ સમાચારપત્રનો પૂરેપુરો ફાયદો મેળવવા વાંચકમિત્રોને વિનંતી કે પ્રેરણા અને ઉત્તેજનદાયી સમાચાર, સમાજોપયોગી માહિતી **વધુમાં વધુ એક પાનું મોટા સ્વચ્છ અક્ષરમાં** મોકલશો એવી ACN ના પ્રકાશનના હિતમાં અમારી નમ્ર વિનંતી. ACN ને દળદાર તથા માહિતીસભર બનાવવાનો આધાર લેખક મિત્રો પર અવલંબે છે. તેથી દરેક લેખકમિત્રોને મારી નમ્ર વિનંતી કે લેખો મુદ્દાસર હોવા જોઇએ અને એકના એક વાક્યનું વારંવાર પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવાપ્રયત્ન કરશો મોડામાં મોડું ઓકટોબર૨૮ સુધીમાં Revs. Patel, 758-47th Street, Brooklyn, NY 11220 એ સરનામા પર મોકલી આપશો તો આભાર. સહકાર બદલ આભાર

**બાઈબલ અભ્યાસના પ્રશ્નો ઓકટોબર-નવેમ્બર ૨૦૧૮**

(બાઈબલ કવીઝના જવાબો Mrs. Joycey & Jovet Christian, 500 Central Ave, Apt. # 510, Union City, NJ 07087 પર મોકલશો, (201-864-4816). સહકાર બદલ હાર્દિક આભાર).

**૧ અને ૨ શમૂએલ, તથા માત્થીની સુવાર્તાને આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર સંદર્ભ સાથે આપો..**

૧. " હું શું યહૂદિયાનો કૂતરો છું કે તું મારી સાથે આ પ્રમાણે વર્તે છે?" આ વાક્ય કોણે પોતા માટે કોની આગળ વાપર્યું?

૨ "શું હું કૂતરો છું કે તું મારી સામે લાકડી લઈને આવ્યો છું? કોણે પોતાના માટે કોની આગળ કૂતરો શબ્દ વાપર્યો?

૩. "મારા સરખા મૂએલા કૂતરા પર તું રહેમનજર રાખે?" કોણે કોને કહ્યું?

૪. "છોકરાંની રોટલી લઈને કૂતરાંને નાખવી વ્યાજબી નથી" કોણે કોને કહ્યું?

૫. "જે પવિત્ર છે તે કૂતરાઓની આગળ ન નાખો" કોણે કોને આ કહ્યું?

નીચેના શબ્દોના અર્થ બાઇબલમાંથી સંદર્ભ સાથે આપો.

૬. ઇખાબોદ

૭. એબેનેઝેર

૮ નાબાલ.

**ભાગ-૨ પુસ્તકોનાં નામ અને સંદર્ભ સહિત ઉત્તર આપો.**

૧. કોને રડતો પ્રબોધક કહેવામાં આવ્યો છે?

૨. કઈ મંડળીને કહેવામાં આવ્યું છે કે "તેં તારા પ્રથમના પ્રેમનો ત્યાગ કર્યો છે"? :

૩. મિસરમાં ઇસ્રાએલી પ્રજાની ગુલામગીરીમાંથી છૂટકારો થયો તે અગાઉ કેટલી અને કઈ કઈ આફતો આવી?

૪. ઇબ્રાહીમે મલ્ખીસેદેકને કેટલામો ભાગ આપ્યો?

૫. યાકુબનું વેતન તેના મામા લાબાને કેટલીવાર બદલી નાખ્યું?

૬. પ્રકટીકરણમાં નગરકોટના પાયા બાર મૂલ્યવાન પાષાણોથી સુશોભિત હતા. આ બારમાંના દસમા પાયાના પાષાણનું નામ આપો.

## બાઈબલ અભ્યાસ જૂલાઇ- ઓગસ્ટ ૨૦૧૮ના જવાબો અને ખરા જવાબો આપનારનાં નામો:

<u>જવાબો:.</u>

૧. લાઇશ — ન્યાયાધીશ ૧૮:૭-૧૦

૨. એક્ત્રીસ રાજાઓ — યહોશુઆ ૧૨:૭-૨૪

૩ મનાશેહ અને એફ્રાઇમ — યહોશુઆ ૧૪:૪

૪. ઓરપાહ તથા રૂથ — રૂથ ૧:૪, ૯બ

૫ ત્રણવાર — ન્યાયાધીશ ૧૩:૨૫; ૧૪:૬; ૧૪:૧૯; ૧૫:૧૪

૬. હોબાબ — ન્યાયાધીશ ૪:૧૧

૭. એકસો દસ વરસ — યહોશુઆ ૨૪:૨૯

૮. શખેમમાં — યહોશુઆ ૨૪:૩૨

૯. આશરે એક આખો દિવસ — યહોશુઆ ૧૦:૧૩

૧૦. આખોરની ખીણમાં — યહોશુઆ ૨૪:૨૫

<u>ભાગ ૨</u>

૧. પ્રભુ ઇસુએ સિમોન પિતર તથા આંદ્રીયાને માત્થી ૪:૧૯

૨. ઇસુએ આસપાસ બેઠેલાઓના પ્રશ્નનો જવાબ આપ્યો. માર્ક ૩:૩૪

૩. ઇસુએ ભૂતવળગેલાનેસાજો કર્યાબાદ કહ્યું. માર્ક ૫:૧૯

૪. પ્રભુ ઇસુએ કાપરનાહુમના જમાદારને માત્થી ૮:૫,૧૦

૫. શિષ્યો પ્રબુ ઇસુને કહે છે — માત્થી ૧૩:૧૦

૬ પિતરે ઇસુને — માત્થી ૧૮:૨૧

<u>ખરા જવાબો આપનાર</u>

૧ એમિલ્યાબેન ક્રીસ્ટી — જર્સી સીટી, ન્યુજર્સી

૨. ભાનુમતીબેન સી. ક્રીસ્ટી - ઓન્ટેરીઓ, કેલિફોર્નિયા

૩ લીલીયનબેન જોન — નોર્થબર્ગન, ન્યુજર્સી

૪. આફિયાબેન ટેલર — બ્રુકલીન, ન્યુયોર્ક

૫. શાન્તાબેન એમ. રાઠોડ, — નોર્થ બર્ગન, ન્યુજર્સી

૬. સ્ટેલાબેન એમ પરમાર, — નોર્થ બર્ગન, ન્યુજર્સી

*જે માણસ ભલાઇ, પ્રેમ,અને દયાથી વર્તે છે, તેને જીવન, ન્યાયીપણું અને માન મળે છે.* નીતિવચનો ૨૧: ૨૧

## રાજ્ય પરાક્રમ તથા મહિમા

જીવન જીવવું એક બાબત છે પણ તે પ્રભુમય જીવવું એ બીજી બાબત છે. આપણે જો પ્રભુનો હાથ પકડીએ તો તે આપણને સાચે માર્ગે દોરશે. પ્રભુ શિખવિત પ્રાર્થનામાંથી આપણે શિખવા પ્રયત્ન કરીએ.

દેવનું રાજ્ય: જો આપણે પ્રભુની યોજનામાં આપણાં તાલંતો અને શક્તિનો ઉપયોગ કરીએ તો દરેક સંજોગોમાં તે આપણને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડશે અને દેવનું રાજ્ય આપણી મધ્યે આવશે. ઘણી ચકલીઓ કરતાં આપણે મૂલ્યવાન છીએ. પ્રભુ આપણા પર ખૂબ જ પ્રેમ રાખે છે. પણ આપણે તેમના પર સંપૂર્ણ ભરોસો રાખવાની જરૂર છે. દાઉદ રાજા દેવ પર સંપૂર્ણ વિશ્વાસ રાખતો હતો અને તેથી કરી તેણે વિશ્વાસથી ઘણી લડાઈઓ પણ જીતી. જુવાન દાઉદે મહાકાય, પડછંદ, લડવૈયો ગોલિયાથ કે જેણે ઇસ્રાએલના દેવનો તિરસ્કાર કર્યો હતો તેને તે જ દેવના નામે માત્ર ગોફણ અને નાના પત્થર વડે હરાવ્યો. ઇશ્વર ઇસ્રાએલી પ્રજા સાથે હતા તેથી જ્યારે તેઓ મિસરમાંથી નીકળી ગયા અને મિસરી સૈન્ય તેમની પાછળ પડ્યું ત્યારે કેવી ચમત્કારિક રીતે દેવે લાલ સમુદ્રના બે ભાગ પાડ્યા અને ઇસ્રાએલીઓ સલામત રીતે પાર કરી ગયા અને મિસરીઓનો નાશ થયો. પ્રભુ આપણા જીવનોનું રક્ષણ કરશે. જો આપણે આપણી મધ્યે દેવનું રાજ્ય જે સુખ, શાંતિ, આબાદી, પારસ્પારિક, પ્રેમ, લાગણી, ત્યાગ વગેરે ગુણોથી સભર છે તો આપણે આપણો ભાગ ભજવવો પડશે. રાઇના નાના દાણાની જેમ આપણે સ્વત્યાગ કરી પરોપકારની ભાવના અપનાવવી પડશે. હું નહિ પણ મારા તારનારને અગ્રેસર રાખી તેમની ઇચ્છા પ્રમાણે કરીશ એવું વલણ અપનાવીએ. માત્ર કેવળ શબ્દોથી કે હોઠોથી જ નહિ પરંતુ કરણીઓ દ્વારા પ્રભુનું રાજ્ય આપણી મધ્યે લાવવામાં પોતાનો ફાળો આપીએ.

દેવનું પરાક્રમ: જ્યારે આપણે પ્રભુએ આપેલાં કૃપાદાનો અને તાલંતો તેમના નામે વાપરીએ છીએ ત્યારેઆપણે પ્રભુમાં ધનવાન બનીશું. ભરપૂર જીવન જીવીશું . પ્રભુ આપણા માટે બંધ દ્વાર પણ ખૂલ્લાં કરશે.

દેવનો મહિમા: દાઉદ ભક્ત કહે છે, "હે યહોવા, અમારા પ્રભુ, ... તેં આકાશમાં પોતાનો મહિમા મૂક્યો છે." હા, પ્રભુએ બનાવેલી જ્યોતિઓ માનવજીવનને ધબકતું રાખે છે. સૂર્યોદય થતાં જ જગતને ઝળાંહળાં કરી તેનું તેજ પ્રકૃતિ, જડ, ચેતનમાં પ્રાણ પૂરે છે. રાત્રે ચન્દ્ર, અને તારા પોતાની શીતળતા પાથરી દે છે. પ્રભુએ આપણને ખૂબજ આશીર્વાદિત જીવન આપ્યું છે. પણ પ્રશ્ન એ છે કે શું આપણાં જીવનો વડે ઇશ્વરને મહિમા આપીએ છીએ? ચાલો વાચકમિત્રો, આપણા દ્વારા દેવનું રાજ્ય આપણી મધ્યે આવે, તે માટે આપણે પ્રભુના સામર્થ્યમાં જીવીએ જેથી દેવનો મહિમા થાય તેવું જીવન જીવવાનો નિર્ધાર કરીએ.

યુનિયન સીટી, ન્યુજર્સી ઇલા જોબર્ટ ક્રિશ્ચિયન

## બાઇબલ: શિરોમણિ ગ્રંથ

*શાસ્ત્ર પવિત્ર ખરો ભંડાર, જ્ઞાન સનાતન ત્યાં મળનાર;*
*છે મુજ મૂળ તણું ત્યાં જ્ઞાન; છે મુજ જાત તણું ત્યાં ભાન.*

દુનિયાની વિવિધ ભાષાઓમાં લખાયેલું બાઇબલ અતિમહામૂલું પુસ્તક છે. આ પવિત્ર પુસ્તક જૂનો કરાર અને નવો કરાર એમ બે વિભાગોનું બનેલું છે જેમાં જૂના કરારમાં ૩૯ પુસ્તકો અને નવા કરારમાં ૨૭ પુસ્તકો એમ કુલ છાસઠ પુસ્તકોનો સમાવેશ થાય છે.

ગ્રીક ભાષાના બિબ્લીઓન (બહુવચન) શબ્દ ઉપરથી બાઇબલ નામ પડ્યું છે કે જે પ્રભુ પવિત્રાત્માએ પોતાના સમાજના જુદા જુદા સ્તરના ચાળીસ જેટલા સેવકોને પ્રેરણા આપી લખાવ્યું છે. આ પુસ્તક ૧,૬૦૦ વરસના લાંબા ગાળા દરમિયાન લખાયુ હોવા છતાં તેમાં એક જ

વિચાર, "માનવજાતના ઉધ્ધારની યોજના" જોવા મળે છે. બાઇબલનું શિક્ષણ સત્ય છે; તે અવળે માર્ગે જતા અટકાવે છે; પ્રભુને જે નથી ગમતું તેવું જીવન નહિ જીવવામાં સહાયરૂપ થાય છે; ન્યાયીપણાનું ઉપયોગી શિક્ષણ આપે છે અને બીજાંઓનું ભલું કરવા સજ્જ કરે છે (૨ તિમોથી ૩:૧૬-૧૭). પણ તે બધાં ઉપરાંત . યશાયા પ્રબોધકે જગતના ઉધ્ધારક અને તારણહાર વિષે તેના જન્મ પૂર્વે ૯૫૦ વરસ પહેલાં આગાહી આપી હતી. જેમકે, "જુઓ કુમારિકા ગર્ભવતી થશે અને પુત્રને જન્મ આપશે! તેનું નામ તે ઇમાનુએલ (જેનો અર્થ 'ઇશ્વર આપણી સાથે') પાડશે" (યશાયા ૭:૧૪). ત્યારબાદ દૂત યુસફની પાસે રાત્રે સ્વપ્નમાં જાય છે અને યશાયા પ્રબોધકે કરેલી આગાહી પ્રમાણે બની રહ્યું છે તેમ જણાવે છે.. (માત્થી ૧:૨૨-૨૩). અને ત્યારપછી લુક ૨:૧૧માં આ ભવિષ્યકથન પૂરૂ થયેલું જોવા મળે છે.

આખું બાઇબલ ઇશ્વરની મનુષ્યજાતને અણમોલ બેટ છે. તેમાં આશા છે અને સાથે ચેતવણી પણ. જેમકે, જગતને દોષિત ઠરાવવા માટે નહિ તેથી ઊલટુ, માનવજાત પરના અસિમિત પ્રેમને કારણે તેનો ઉધ્ધાર કરવા માટે પ્રભુ આ જગતમાં આવ્યા (યોહાન ૩:૧૬-૧૮).. પાઉલ પ્રેરિત જણાવે છે કે, સઘળા લોકોએ પાપ કર્યું છે પણ પ્રભુ ઇસુની મારફતે અનંતજીવન છે. મારી પ્રાર્થના છે કે દરેક વાચકમિત્રો અનંતજીવન પામે.,

*કેવો અદભુત ભંડાર આ, દેવનું અવાચ્ય દાન આ,*
*બંને સાથે ફરીશું મારૂં બાઇબલ ને હું.*

ઇસ્ટ મેડો, લૉંગ આયલેંડ લિલિયન એરિક વ્યાસ

..,

## American Christian News

Community Paper Soliciting Your Co-operation

I.D.# 11-2917985 August 28, 1988

"Gujarati Christian Church".

સરનામુ: 17 Dart Mouth Ave, Avenel, NJ 07001-1804,

'To:

---------------------------------------------------

---------------------------------------------------

---------------------------------------------------